# ફેફસાની સફળ કેન્સર સર્જરી બાદ પોપ લિયોની તબિયતમાં સુધારો

**બીમારીની** વિગતો જાહેર કરીને પોપે તોડી દાયકાઓ જૂની ગોપનીયતાની પરંપરા

રોમ, તા. 14 (એપી): ફેફસામાંથી કેન્સરની ગાંઠ દૂર કરવા માટે કરવામાં આવેલી સફળ સર્જરી બાદ પોપ લિયો 14માંની તબિયતમાં ઝડપથી સુધારો થઈ રહ્યો છે. વેટિકને બુધવારે તબીબી રિપોર્ટ જાહેર કરતા જણાવ્યું હતું કે 71 વર્ષીય પોપે નિયમિત આહાર લેવાનું શરૂ કર્યું છે તેમજ રૂમમાં ચાલવાની અને શ્વાસોશ્વાસની કસરતો પણ શરૂ કરી દીધી છે. તેમના સર્જરી બાદના બ્લડ ટેસ્ટ અને ચેસ્ટ એક્સ-રેના રિપોર્ટ સંપૂર્ણપણે સંતોષકારક અને સામાન્ય આવ્યા છે.

વેટિકનના તબીબો ડૉ. લુઈગી કાર્બોન અને ડૉ. સ્ટેફાનો માર્ગારિટોરાએ માહિતી આપી હતી કે 90 મિનિટ સુધી ચાલેલી આ મિનીમલી ઈન્વેસિવ સર્જરી દરમિયાન ફેફસાનો સંક્રમિત ભાગ સફળતાપૂર્વક દૂર કરવામાં આવ્યો છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, પોપને ફેફસાના કેન્સરનો સૌથી સામાન્ય પ્રકાર 'લંગ એડેનોકાર્સિનોમા' હતો. રોગ કેટલો ફેલાયેલો છે અને વધારાની થેરાપીની જરૂર છે કે કેમ તે જાણવા માટેના વધુ બાયોપ્સી રિપોર્ટ્સની હાલ રાહ જોવાઈ રહી છે.

નોંધનીય છે કે, પોપ લિયોએ પોતાના સ્વાસ્થ્ય અંગેની માહિતી જાહેરમાં શેર કરીને વેટિકનની દાયકાઓ જૂની અત્યંત ગોપનીયતાની પરંપરા તોડી છે. વેટિકન દ્વારા આગાઉના પોપ્સની બીમારીઓ વિશે હંમેશા માહિતી છુપાવવામાં આવતી હતી.





# મૃત બચ્ચાને સુંઢમાં પકડીને જતી માદા હાથીની કરુણ તસવીરે જીત્યો 'વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફર ઓફ ધ યર' એવોર્ડ

**થારના** રણમાં વીંછીની તસવીર માટે ભારતના સીતારામ રાઉલે પણ એવોર્ડ મેળવ્યો

લંડન, તા. 14: નામીબિયાની હુઆબ રિવર વેલીમાં મૃત બચ્ચાને પોતાના દંતશૂળ અને સુંઢ વચ્ચે પકડીને લઈ જતી માદા હાથીની અત્યંત કરુણ તસવીરે આ વર્ષનો પ્રતિષ્ઠિત 'વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફર ઓફ ધ યર' એવોર્ડ જીત્યો છે. ઇટાલિયન ફોટોગ્રાફર ફેડરિકો વેરોનેસી દ્વારા લેવામાં આવેલી આ બ્લેક એન્ડ વ્હાઇટ તસવીર 121 દેશોની રેકોર્ડબ્રેક 65,403 એન્ટ્રીઓમાંથી પસંદ કરવામાં આવી હતી.

નિષ્ણાતોના મતે હાથીઓમાં જોવા મળતું આ વર્તન તેમનામાં રહેલી સંવેદના અને શોકની લાગણી દર્શાવે છે. જ્યુરી ચેરમેન કેથી મોરાને આ તસવીરને અત્યંત ભાવુક અને પ્રાણીઓમાં પણ બુદ્ધિમત્તા હોવાનો પુરાવો ગણાવી હતી.

આ ઉપરાંત, ઝિમ્બાબ્વેમાં રહેતા 14 વર્ષીય બ્રિટિશ ફોટોગ્રાફર ઓસ્કાર વ્હાઇટફિલ્ડે છાણના ગોળાને ધકેલતા ગોબરિયા કીડા (ડંગ બીટલ)ની તસવીર માટે 'યંગ વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફર ઓફ ધ યર'નો એવોર્ડ જીત્યો છે. જ્યારે થારના રણમાં વીંછીની તસવીર માટે ભારતના સીતારામ રાઉલે પણ એવોર્ડ મેળવ્યો છે. લંડનના નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમ દ્વારા આ વિજેતા તસવીરોનું પ્રદર્શન યોજવામાં આવશે.

# અમેરિકી વિદેશ મંત્રી માર્કો રૂબિયો 17મીથી ભારત પ્રવાસે

**ઉર્જા** સહયોગ વધારવા મુંબઈ અને જામનગરનો પ્રવાસ કરશે

**$300** બિલિયનના રિફાઇનરી પ્રોજેક્ટ વચ્ચે રિલાયન્સ પલાન્ટની લેશે મુલાકાત

વોશિંગ્ટન, તા. 14 (PTI): યુએસ વિદેશ મંત્રી માર્કો રૂબિયો ઊર્જા સહયોગને વધુ મજબૂત કરવા માટે આવતા સપ્તાહે ભારતનો પ્રવાસ કરશે. એમ યુએસ વિદેશ મંત્રાલયે મંગળવારે જણાવ્યું હતું.

રૂબિયો પહેલા ઉઝબેકિસ્તાનના સમરકંદની મુલાકાત લેશે અને ત્યાર બાદ 17થી 22 ઓક્ટોબર દરમિયાન ભારતમાં મુંબઈ અને જામનગરનો પ્રવાસ કરશે. યુએસ વિદેશ મંત્રાલયે જણાવ્યું છે.

મે મહિના પછી રૂબિયોની ભારતની આ બીજી મુલાકાત હશે, જ્યારે તેમણે નવી દિલ્હી ખાતે વિદેશ મંત્રી એસ જયશંકર દ્વારા આયોજિત ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠકમાં હાજરી આપી હતી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, "તેઓ યુએસ-ભારત વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા, પ્રાદેશિક અને વૈશ્વિક ગતિશીલતા પર વિચારોનું આદાન-પ્રદાન કરવા અને ઉન્નત ઊર્જા સહયોગની શક્યતાઓ પર ચર્ચા કરવા માટે સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરશે." રૂબિયો વ્યાપારી રોકાણ અને આર્થિક સહયોગની તકોને પ્રોત્સાહન આપવા માટે બિઝનેસ લીડર્સ સાથે પણ મુલાકાત કરશે.

રૂબિયોની જામનગરની મુલાકાત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. કારણ કે, તે રિલાયન્સની રિફાઈનરીનું ઘર છે, જે દરરોજ 1.4 મિલિયન બેરલ ક્રૂડ ઓઈલનું પ્રોસેસિંગ કરવાની ક્ષમતા ધરાવતી વિશ્વની સૌથી મોટી સિંગલ-સાઈટ ફેસિલિટી છે.

માર્ચમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે, યુએસ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના રોકાણ સાથે 50 વર્ષમાં તેની પ્રથમ રિફાઈનરી બનાવશે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે, આ રિફાઈનરી ટેક્સાસના બ્રાઉન્સવિલે ખાતે 300 બિલિયન યુએસ ડોલરના ખર્ચે તૈયાર થશે.

## પેજ3

### 'ગનમાસ્ટર જી9'ના શૂટિંગ દરમિયાન કાર અકસ્માતમાં ઇમરાન હાશ્મીનો ચમત્કારિક બચાવ





મુંબઈ, તા. 14 અભિનેતા ઇમરાન હાશ્મીનો તેની આગામી ફિલ્મ 'ગનમાસ્ટર જી9' માટે એક હાઇ-રિસ્ક સ્ટન્ટ શૂટ કરતી વખતે ચમત્કારિક બચાવ થયો હોવાના અહેવાલ છે. આ ફિલ્મના ક્લિમેક્સ સિક્વન્સનો એક બિહાઇન્ડ-ધ-સીન્સ વીડિયો ઓનલાઇન સામે આવ્યો છે, જેમાં એક એસયુવી હવામાં પલટી મારીને નીચે પાર્ક કરેલી કાળી વાન પર ક્રેશ થતી દેખાય છે. વાહન અભિનેતાની ખૂબ જ નજીક આવી જતું હોવાનું જણાય છે, જેના કારણે સેટ પરની સુરક્ષા અંગે સવાલો ઊભા થયા છે. ફૂટેજમાં કોઈ વ્યક્તિ કાઉન્ટડાઉન બોલાવે છે તેમ ક્રૂ આ સિક્વન્સ માટે તૈયારી કરે છે. થોડી ક્ષણો પછી ક્રેન સાથે લટકાવેલી એસયુવી ઊંધી વળી જાય છે અને વાનની છત પર ક્રેશ થાય છે.

### અનિત પડ્ડાએ અહાન પાંડે સાથે જન્મદિવસ ઉજવ્યો





મુંબઈ, તા. 14: ફિલ્મ 'સૈયારા' ફેમ અનિત પડ્ડાએ મંગળવારે પોતાનો 24મો જન્મદિવસ ઉજવ્યો હતો. પાર્ટીમાં તેમના કો-સ્ટાર અહાન પાંડે, તેમની માતા ડિયાન પાંડે અને આલિયા ભટ્ટ સામેલ થયા હતા. મંગળવારે 'સૈયારા'ના કો-એક્ટર આલમ ખાને પાર્ટીની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. જોકે, આલમે બાદમાં પોસ્ટ ડિલીટ કરી નાખી હતી, પરંતુ ફેન્સે તસવીરો સેવ કરી લીધી અને એને ઓનલાઇન શેર કરી દીધી. પાર્ટીમાં ઘરને ગુલાબી અને લીલા ફુગ્ગાઓથી સજાવવામાં આવ્યું હતું. અનિતે નાનો પીળો બોડીકોન ડ્રેસ પહેર્યો હતો. જ્યારે, અહાન શિમરી કાળી શર્ટ અને કાળા જિન્સમાં નજરે પડ્યો હતો. પાર્ટીની તસવીરો સામે આવતા પહેલાં અહાન પાંડેએ અનિતને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી.

# બ્લુ ડ્રમ મર્ડર: પતિની ક્રૂર હત્યા કરનાર પત્ની મુસ્કાન અને પ્રેમીને ફાંસીની સજા

**મર્ચન્ટ** નેવી અધિકારીની લાશના ટુકડા કરીને બ્લુ ડ્રમની અંદર સિમેન્ટથી ભરી દેવામાં આવ્યા હતા



મેરઠ (યુપી), તા. 14 (PTI) મેરઠની એક કોર્ટે બુધવારે મુસ્કાન રસ્તોગી અને તેના પ્રેમી સાહિલ શુક્લાને તેના પતિ સૌરભ રાજપૂતની હત્યા કરવા બદલ ફાંસીની સજા ફટકારી છે, સૌરભની લાશના ટુકડા કરીને બ્લુ ડ્રમની અંદર સિમેન્ટથી ભરી દેવામાં આવ્યા હતા, આ હત્યાકાંડે તેની ભયાનક વિગતોને કારણે રાષ્ટ્રીય સ્તરે હેડલાઈન્સ બનાવી હતી. મર્ચન્ટ નેવી અધિકારીની 3 માર્ચ, 2025ના રોજ હત્યા કરવામાં આવી હતી અને બે અઠવાડિયા પછી તેની લાશ મળી આવી હતી.

કોર્ટના અધિકારીઓએ જણાવ્યું હતું કે, જિલ્લા ન્યાયાધીશ અરવિંદ કુમાર મિશ્રાએ 13 મહિના સુધી ચાલેલી ટ્રાયલ દરમિયાન 126 સુનાવણી પછી આ કેસમાં ચુકાદો સંભળાવ્યો હતો, જેને 'બ્લુ ડ્રમ મર્ડર કેસ' તરીકે ઓળખવામાં આવે છે.

બે પુત્રીઓ, સાત વર્ષની અને 10 મહિનાની માતા મુસ્કાન અને સાહિલને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા અલગ-અલગ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

વરિષ્ઠ જેલ અધિક્ષક ડૉ. વિરેશ રાજ શર્માના જણાવ્યા અનુસાર, સજા સાંભળતાં પહેલાં બંને બેચેન દેખાતા હતા અને તેમણે ખૂબ જ ઓછું ખાધું હતું અને ઊંઘ પણ ઓછી લીધી હતી. સજા સંભળાવતાં પહેલાં ન્યાયાધીશે બંને દોષિતોને પૂછ્યું કે શું તેઓ સજા અંગે કંઈક કહેવા માંગે છે.

શર્માએ જણાવ્યું હતું કે, સુનાવણી ટૂંકી હતી અને ન્યાયાધીશે મુસ્કાન અને સાહિલને ફોરેન્સિક રિપોર્ટ સહિત વિવિધ મુદ્દાઓ પર પ્રશ્નો પૂછ્યા હતા. તેમણે પ્રશ્નોની વિગતો શેર કરવાનો ઈનકાર કર્યો હતો.

# એર ઇન્ડિયાની ફ્રેન્કફર્ટ-દિલ્હી ફ્લાઇટમાં ફેક 'હાઇજેક એલર્ટ'

**306** લોકોના જીવ તાળવે ચોંટ્યા, જયપુરમાં ઇમરજન્સી લેન્ડિંગ



જયપુર, તા. 14 (પીટીઆઈ): અધિકારીઓ અને સૂત્રોના જણાવ્યા અનુસાર, ફ્રેન્કફર્ટથી દિલ્હી જતી એર ઇન્ડિયાની એક ફ્લાઇટને બુધવારે હાઈજેક એલર્ટ મળ્યા બાદ જયપુર તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. ત્યાર બાદ ખોટું સાબિત થયું હતું અને સુરક્ષા તપાસ પછી તેણે પોતાની યાત્રા ફરી શરૂ કરી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, અંદાજે 293 મુસાફરો અને 13 ક્રૂ મેમ્બર્સને લઈને જતી બોઈંગ 787-9 એરક્રાફ્ટ દ્વારા સંચાલિત ફ્લાઇટ એઆઈ2030 સવારે લગભગ 9:35 વાગ્યે જયપુર ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ઊતરી હતી અને સુરક્ષા તપાસ માટે તેને આઈસોલેશન બેમાં ખસેડવામાં આવી હતી.

એરપોર્ટ સૂત્રોએ જણાવ્યું કે, "મુસાફરોને ટર્મિનલ બિલ્ડિંગમાં લાવવામાં આવ્યા હતા. થોડા સમય પછી ફ્લાઇટને મંજૂરી આપવામાં આવી હતી. ત્યાર બાદ તે જ વિમાનમાં મુસાફરોનું બોર્ડિંગ શરૂ થયું હતું અને ફ્લાઇટ દિલ્હી માટે રવાના થઈ હતી."

માલવીય નગરના આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ શિવ દયાલે જણાવ્યું હતું કે, ધમકીના એલર્ટને પગલે એરપોર્ટ ઓથોરિટીએ ફ્લાઇટના ઈમરજન્સી લેન્ડિંગ વિશે પોલીસને જાણ કરી હતી.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, સુરક્ષા જવાનોએ આઈસોલેશન બેમાં વિમાનની તપાસ કરી હતી.

સૂત્રોએ જણાવ્યું કે, "ફ્લાઇટ સવારે લગભગ 9:35 વાગ્યે ઊતરી હતી. તપાસ માટે દસ મિનિટની અંદર એરક્રાફ્ટને આઈસોલેશન બેમાં લઈ જવામાં આવ્યું હતું."

પ્રારંભિક માહિતી અનુસાર, સૂત્રોએ ઉમેર્યું કે જ્યારે એરક્રાફ્ટ મુંબઈ ફ્લાઇટ ઇન્ફોર્મેશન રીજન (એફઆઈઆર)માં હતું ત્યારે પાઇલટે 'સ્કવોક કોડ 7500' દબાવ્યો હતો, જે ગેરકાયદેસર હસ્તક્ષેપ દર્શાવે છે. ત્યાર બાદ વિમાનને જયપુર તરફ ડાયવર્ટ કરવામાં આવ્યું હતું.

જયપુર એરપોર્ટ મેનેજમેન્ટે જણાવ્યું કે સુરક્ષા તપાસ કરવામાં આવી હતી અને બાદમાં મુસાફરોને નીચે ઉતારીને ટર્મિનલ બિલ્ડિંગમાં લઈ જવામાં આવ્યા હતા.

# ગ્રીનલેન્ડમાં તેલ, ગેસ અને ખનિજોનું ઉત્ખનન શરૂ થવા જઈ રહ્યું છે: ટ્રમ્પ

**મિડટર્મ** ચૂંટણી પહેલાં ઊર્જાના ભાવ વધતાં ટ્રમ્પે મતદારોને આકર્ષવા કરી આ જાહેરાત

**જો કે** મુશ્કેલ આબોહવા, માળખાકીય સુવિધાઓના અભાવના કારણે ઉત્ખનનમાં આવશે કેટલાંક પડકારો

વોશિંગ્ટન, તા. 14 (એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે વહેલી સવારે દાવો કર્યો હતો કે 'આપણા નવા અને સુંદર ગ્રીનલેન્ડ'માં વિશાળ પ્રમાણમાં તેલ, ગેસ અને દુર્લભ ખનિજોનું ઉત્ખનન શરૂ થવા જઈ રહ્યું છે.

જોકે, ગ્રીનલેન્ડ એ ડેનમાર્કનું એક સ્વાયત્ત ક્ષેત્ર છે, ન કે અમેરિકાનો ભાગ. આગામી મિડટર્મ ચૂંટણીઓ પહેલાં ઈરાન સાથેના વિવાદના કારણે વધી રહેલા ઊર્જાના ભાવ અને આર્થિક મુશ્કેલીઓ વચ્ચે મતદારોને આકર્ષવા ટ્રમ્પે આ નિવેદન આપ્યું હોવાનું માનવામાં આવે છે.

ટ્રમ્પના આ દાવા છતાં, ગ્રીનલેન્ડની મુશ્કેલ આબોહવા, માળખાકીય સુવિધાઓનો અભાવ અને જટિલ ભૂગોળના કારણે દાયકાઓથી ખાનગી કંપનીઓ માટે અહીંથી સંસાધનો મેળવવા અત્યંત મુશ્કેલ રહ્યા છે. તાજેતરમાં નાટોના સહયોગી ડેનમાર્ક સાથે થયેલા કરારથી અમેરિકાને ત્યાં સૈન્ય બેઝ સ્થાપવાની મંજૂરી મળી છે, પરંતુ તેનાથી કોઈ વિશેષ ઉત્ખનન અધિકારો પ્રાપ્ત થયા નથી.

ગ્રીનલેન્ડ પાસે કમ્પ્યુટર, સ્માર્ટફોન અને બેટરી ટેકનોલોજી માટે જરૂરી દુર્લભ ખનિજો તેમજ તેલ અને કુદરતી ગેસના મોટા ભંડારો છે. અમેરિકા આ ખનિજો પર ચીનના વર્ચસ્વને તોડવા માગે છે, પરંતુ આ ખનિજો ખડકોમાં અને તેલના ભંડારો આર્કટિક બરફની નીચે દબાયેલા હોવાથી તેમને બહાર કાઢવા ખૂબ જ મુશ્કેલ કાર્ય છે. દુર્લભ ખનિજો તેમજ તેલ અને ગેસ કાઢવાના અગાઉના પ્રયાસો ક્યારેય સંશોધન તબક્કાથી આગળ વધી શક્યા નથી.

આ ઉપરાંત, ટ્રમ્પે સંરક્ષણ અને સુરક્ષાની દ્રષ્ટિએ પણ ગ્રીનલેન્ડના વ્યૂહાત્મક સ્થાનનું મહત્વ દર્શાવતા ત્યાં સૈન્ય હાજરી વધારવાની વાત કરી હતી.

# ઓપનએઆઈમાં કૉન્ફરન્સ રૂમની અંદર જાસૂસી

**ChatGPT** બનાવનાર કંપનીની સિક્રેટ મીટિંગ્સ રેકોર્ડ કરવાનો પ્લાન

**ટીવી** પાછળથી મળ્યું હિડન રેકોર્ડિંગ ડિવાઇસ, કંપનીના જ સાઉદી એન્જિનિયરની ધરપકડ

વોશિંગ્ટન, તા. 14 (એપી): ઓપનએઆઈ કંપનીના એક એન્જિનિયર સામે કમ્પ્યુટર અને ટેક્નોલોજી સંબંધિત સંવેદનશીલ વાતચીતો ગુપ્ત રીતે રેકોર્ડ કરવા માટે કોન્ફરન્સ રૂમમાં ગુપ્ત રેકોર્ડિંગ ડિવાઈસ ઈન્સ્ટોલ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે, એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.

સાન ફ્રાન્સિસ્કોની ફેડરલ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અપરાધિક ફરિયાદ મુજબ, 35 વર્ષીય સાઉદી નાગરિક અબ્દુલરહમાન અલ્ફોઝાન નામના આ કર્મચારીની શુક્રવારે ધરપકડ કરવામાં આવી હતી. ચેટજીપીટી બનાવનાર કંપનીએ તેની ઓફિસના એક કોન્ફરન્સ રૂમમાંથી ગુપ્ત ઓડિયો રેકોર્ડિંગ ડિવાઈસ મળી આવ્યાના એક અઠવાડિયા પછી આ કાર્યવાહી કરી છે.

કંપનીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'અમે અમારી રીતે તપાસ કરી હતી, અને જાણવા મળ્યું કે એક ચોક્કસ કર્મચારીએ થોડા દિવસો પહેલાં જ તેને પ્લાન્ટ કર્યું હતું.' કંપનીએ આ મામલો તપાસ સંસ્થા 'એફબીઆઈ'ને સોંપ્યો હતો અને ઝડપથી ધરપકડ કરવા બદલ એજન્ટો તથા પ્રોસિક્યુટર્સનો આભાર વ્યક્ત કર્યો હતો. તપાસ હજુ ચાલુ છે અને કંપની તેમાં સંપૂર્ણ સહયોગ આપી રહી છે.

ઓપનએઆઈએ સ્પષ્ટ કર્યું હતું કે હાલમાં એવા કોઈ સંકેતો મળ્યા નથી કે આ વ્યક્તિએ મોડલ વેઈટ્સ, સોર્સ કોડ કે ગ્રાહકનો ડેટા અયોગ્ય રીતે એક્સેસ કર્યો હોય. જો કે, આ કર્મચારીને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, કંપની પાસે એવા પુરાવા પણ છે કે આ કર્મચારીએ બેઠકો રેકોર્ડ કરવા માટે ઓફિસ બિલ્ડિંગના અન્ય ભાગોમાં પણ આવા અન્ય લિસનિંગ ડિવાઈસ મૂકવાની યોજના બનાવી હતી.

ફરિયાદ મુજબ, આ રેકોર્ડિંગ ડિવાઈસ ગત 30 સપ્ટેમ્બરના રોજ એક્ઝિક્યુટિવ કોન્ફરન્સ રૂમમાં ટેલિવિઝનની પાછળ યુએસબી પોર્ટમાં ટિશ્યુ પેપરની અંદર છુપાયેલું મળી આવ્યું હતું. સીસીટીવી ફૂટેજ તપાસતા જાણવા મળ્યું કે અલ્ફોઝાન પાછલા મહિનામાં કોઈપણ અધિકાર વગર અનેક વખત તે કોન્ફરન્સ રૂમની આસપાસ જોવા મળ્યો હતો.

# ભારત-યુએસ વેપાર કરારની વાટાઘાટો અંતિમ તબક્કા તરફ: એસ. જયશંકર

**મતભેદો** ઉકેલાઈ રહ્યા છે, બંને દેશો 'લેન્ડિંગ પોઇન્ટ' તરફ અગ્રેસર; વ્યાપારી સંબંધો અને વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત રહેશે

**એક** અઠવાડિયા પહેલાં સીતારમણે કહ્યું હતું: વેપાર વાટાઘાટો એક જગ્યાએ અટકી ગઈ છે



નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): ભારત અને અમેરિકા વચ્ચે પ્રસ્તાવિત વેપાર કરાર અંગેના મતભેદો દૂર કરવા માટે સતત ચર્ચા ચાલી રહી છે અને વાટાઘાટો એક સર્વસંમતિભર્યા 'લેન્ડિંગ પોઇન્ટ' તરફ વધી રહી છે, એમ વિદેશ મંત્રી એસ. જયશંકરે મંગળવારે સાંજે બ્લૂમબર્ગ ન્યૂ ઈકોનોમી ફોરમમાં જણાવ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય વ્યૂહાત્મક સંબંધોના મૂળભૂત પાયા અકબંધ રહ્યા છે.

નાણાં મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા વેપાર વાટાઘાટો એક જગ્યાએ અટકી ગઈ હોવાના નિવેદનના એક અઠવાડિયા પછી વિદેશ મંત્રીની આ ટિપ્પણી સામે આવી છે. જયશંકરે ઉમેર્યું કે ભારત અને અમેરિકાના વાણિજ્ય મંત્રીઓ તથા યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ આ દિશામાં કામ કરી રહ્યા છે. બંને દેશો વચ્ચે વર્ષ 2025ની શરૂઆતથી જ ટેરિફ વિવાદો ઉકેલવા અને બજાર પહોંચ વધારવા માટે ચર્ચાઓ ચાલી રહી છે.

અમેરિકાની નીતિઓ અંગે બોલતા તેમણે કહ્યું કે અમેરિકા આજે ફરીથી ઉદ્યોગો સ્થાપવા (રી-ઈન્ડસ્ટ્રિયલાઈઝેશન) અને ટેરિફના નિયમો બદલવા માગે છે. વિશ્વની દરેક મોટી અર્થવ્યવસ્થા યુએસ સાથે વાટાઘાટો કરી રહી છે, અને આ પ્રક્રિયામાં ભારત ઘણું આગળ વધી ચૂક્યું છે.

ઉલ્લેખનીય છે કે, પાછલા વર્ષે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ટેરિફ, એચ-1બી વિઝા ફીમાં વધારો અને ભારતીય આઈટી કંપનીઓ માટે ગ્રીન કાર્ડ પ્રોસેસિંગ પરના નિયંત્રણોને કારણે ભારત-અમેરિકા સંબંધોમાં તણાવ આવ્યો હતો. જોકે, જયશંકરે સ્પષ્ટ કર્યું કે ભારત અમેરિકાનું કોઈ સત્તાવાર સાથી નથી પરંતુ એક મજબૂત વ્યૂહાત્મક ભાગીદાર છે.



# અમેરિકામાં શિયાળાનો ભયાનક આરંભ

**4** રાજ્યોમાં પ્રથમ 'વિન્ટર બ્લાસ્ટ'થી 14 ઈંચ સુધી બરફવર્ષાની ચેતવણી

ન્યૂયોર્ક, તા. 14: અમેરિકામાં શિયાળાની શરૂઆત સાથે જ આવી રહેલા ભયાનક હિમતોફાન (વિન્ટર બ્લાસ્ટ) માર્ગ વાહનવ્યવહાર, દૈનિક મુસાફરી અને જનજીવન માટે ગંભીર જોખમ ઊભું કર્યું છે. રાષ્ટ્રીય હવામાન વિભાગ (એનડબ્લ્યુએસ) દ્વારા કોલોરાડો, વાયોમિંગ, નેવાડા અને યુટાના ઊંચાઈવાળા વિસ્તારો માટે આ મોસમની પ્રથમ 'વિન્ટર વેધર એડવાઇઝરી' જાહેર કરવામાં આવી છે, જે ગુરુવાર સુધી અમલમાં રહેશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, યુટાના પશ્ચિમી યુઇન્ટા પર્વતોમાં સૌથી વધુ 14 ઈંચ સુધીની બરફવર્ષા થઈ શકે છે, જેના કારણે માર્ગો પર બરફ છવાઈ જવાથી વાહનવ્યવહાર અત્યંત જોખમી બની શકે છે. વધુમાં, કલાકના 35 માઇલની ઝડપે ફૂંકાતા પવનોના કારણે દ્રશ્યતા ઘટી જવાની સંભાવના છે, જે વાયોમિંગના પર્વતીય વિસ્તારોમાં હાઇકિંગ કે શિકાર માટે ગયેલા લોકો માટે ભારે મુશ્કેલી સર્જી શકે છે.

કોલોરાડોમાં 4થી 12 ઈંચ અને નેવાડામાં 5થી 10 ઈંચ સુધી બરફવર્ષાની શક્યતા છે. તંત્ર દ્વારા વાહનચાલકોને ગતિ ધીમી રાખવા અને સાવચેતીપૂર્વક મુસાફરી કરવા કડક સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત, હવામાનશાસ્ત્રીઓએ આગાહી કરી છે કે ડિસેમ્બર 2026થી ફેબ્રુઆરી 2027 દરમિયાન સમગ્ર અમેરિકામાં ભારે હિમવર્ષા અને વિન્ટર સ્ટોર્મ્સ આવી શકે છે, જેનાથી દેશના અંદાજે 19 રાજ્યો પ્રભાવિત થશે.